ગાંધીનગર સમાચાર

વન તંત્રએ ઝુંપડાના ૨૫ અને લારી ગલ્લાના ૧૦ દબાણો દુર કર્યા

# શહેરના એકમાત્ર સરકારી આર્યુવેદિક ઉદ્યાનની કાયાપલટ

**વર્ષોથી બંધ લાઇટો ઝળહળી, પાણીનો બોર અને સંપ ચાલુ કરાયા : વનસ્પતિ સુકાવવા માટે નવુ સોલાર ડ્રાયર મશીન મુકાયુ : આગામી દિવસોમાં સી સી રોડ તેમજ મુલાકાતીઓ માટે વાંસની હાટડીઓ બનાવાશે**





ગાંધીનગર તા ૧૧ શહેરના સરકારી આર્યુવેદિક ઉદ્યાન પર ગુજરાત ઔષધિય વનસ્પતિ બોર્ડે હેત વરસાવતા લાંબા સમયથી મુર્ઝાયેલા આ ઉદ્યાનની રોનક નિખરી છે. લાઇટ અને પાણીની સુવિધાના અભાવ વચ્ચે મરણ પથારીએ પડેલા ઉદ્યાનને નિખારવા ઔષધિય બોર્ડે ટુંકા સમયગાળામાં જ ઉમદા કામગીરી કરી છે. ઉદ્યાનમાં બંધ લાઇટો ચાલુ કરવાની સાથે નવી સોલાર લાઇટ પણ જળહળતી થઇ છે. જયારે વનસ્પતિ સુકાવવા માટે નવુ સોલાર ડ્રાયર પણ મુકવામાં આવ્યુ છે. આગામી દિવસોમાં સી સી રોડ બનાવવા ઉપરાંત મુલાકાતીઓ માટે વાંસની હાટડીઓ પણ ઉભી કરવામાં આવશે.

શહેરમાં ૧૯૭૫માં વન વિભાગ દ્વારા આર્યુવેદિક ઉદ્યાનનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. જયારે દાયકાના અંતે આ ઉદ્યાનઆર્યુવેદિક સાથે સંલગ્ન થતા ઔષધિઓથી સમૃધ્ધ થયો હતો. હાલની સ્થિતિએ આ ઉદ્યાનમાં ૨૦૦થી પણ વધુ પ્રકારની ઔષધિઓ ઉપલબ્ધ છે. જો કે લાંબા સમયથી ઉદ્યાનની જાળવણીના મામલે ઉદાસીનતા સેવાતા નગરના એકમાત્ર આર્યુવેદિક બગીચામાં લાઇટ,પાણીની પાયાની સુવિધાઓના નામે પણ મીંડુ ચિતરાયેલુ હતુ. સ્ટ્રીટ લાઇટના પોલ્સ તેમજ પાણીનો બોર તેમજ સંપ પણ બંધ હાલતમાં હતા. પરંતુ આ ઉદ્યાનને ઔષધિય વનસ્પતિ બોર્ડને સોંપી દેવાતા આર્યુવેદિક બગીચાની સિકલ બદલાઇ ગઇ છે. ઉદ્યાનમાં થતા ચંદનના લાકડાની ચોરીના બનાવો અટકાવવા માટે જરૂરી બાઉન્ડ્રી પર ૨૦ જેટલી સોલાર

● અનુસંધાન પાન-૭ પર





**ફરજીયાત હેલ્મેટ** - ગાંધીનગર શહેરમાં ગુરૂવારની સવારથી જ ફરજીયાત હેલ્મેટની કડક અમલવારી આરંભાતા વાહનચાલકો ભારે મુંઝવણમાં મુકાયા હતા... શહેરના પ્રવેશદ્વારો પર સવારથી જ પોલીસ ખડકાતા પહેલા ત્રણ કલાકમાં ૧૬૨૨ વાહનચાલકોને દંડ ફટકારાયો હતો... સારા કાયદાનો ચુસ્ત અમલ કરાવવા માટે પોલીસ પ્રતિબદ્ધ બની છે ત્યારે વાહન ચાલકો પણ સકારાત્મક અભિગમ સાથે મહામુલા જીવનની રક્ષા માટે હેલ્મેટ પહેરીને જ વાહન ચલાવવા સંકલ્પબદ્ધ બને.... **(તસવીર : દિપક જાની)**

# સુખ-સુવિધા કરની વસુલાત માટે ૧૦ હોટલ સંચાલકોને તંત્રની નોટીસ

**એક કરોડથી વધુની વસુલી માટે પાઠવેલી નોટીસો ૧૫ દિવસમાં વસુલી નહિ ચુકતે કરાય તો આગામી દિવસોમાં કાનૂની રાહે પગલાં લેવાની ચેતવણી**

ગાંધીનગર, તા. ૧૧ ગાંધીનગર શહેરની ૧૦ જેટલી નાની મોટી હોટેલ્સ પાસેથી રૂ. એક કરોડથી પણ વધુની રકમના બાકી સુખ-સુવિધા કરની વસુલાત માટે પ્રાંત અધિકારીની કચેરી દ્વારા નોટીસો આપવામાં આવી છે. ૧૫ દિવસમાં આ વસુલાત ચુકતે નહિ કરવામાં આવે તો આગામી દિવસોમાં કાનૂની રાહે કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેતો જિલ્લા વહીવટીતંત્રએ આપ્યા છે.

મળતી વિગતો પ્રમાણે હોટલ કેમ્બે સ્પા એન્ડ રિસોર્ટ પાસેથી રૂ. ૪૪ લાખ, હોટલ કેમ્બે એન્ડ ગોલ્ફ પાસેથી રૂ. ૨૩ લાખ, હોટલ

● અનુસંધાન પાન-૭ પર

# પ્રથમ દિવસે ત્રણ જ કલાકમાં શહેરમાં હેલ્મેટ વગર ફરતા ૧૬૨૨ વાહનચાલકોને દંડ

**વિવિધ ૧૭ પોઇન્ટ પરથી પોલીસે ૧૬૨૨ ચાલકોને પાવતી આપીને રૂ. ૧.૬૧ લાખનો દંડ વસુલ્યો : વગ બતાવતા ચાલકોને પણ પ્રેમપૂર્વક પોલીસે પાવતી પધરાવી**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર એસ.પી.એ. શહેરમાં હેલ્મેટ ફરજીયાત કરવાના આપેલા કડક આદેશ બાદ આજે પ્રથમ દિવસે સવારે ત્રણ જ કલાકમાં હેલ્મેટ વગર ભટકતા ૧૬૨૨ વાહનચાલકોને દંડ ફટકાર્યો હતો. જેમાં કેટલાક પોલીસ કર્મચારીઓ સહિત સચિવાલયના અધિકારીઓ પણ સમાવેશ થાય છે. અનેક વગદારો પોતાની વગ ખાખી સામે વાપરશે. ઉશ્કેરાટથી સવાલ કરતા નજરે ચઢ્યા હતા પરંતુ તે તમામ જે પણ પ્રેમપૂવક તેમની પોતાની જ જીંદગી બચાવવાના પ્રયાસ કરી રહ્યા હોવાની વાત સમજાવી પાવતી પકડાવવામાં આવી હતી. હેલ્મેટના કડક અમલીકરણના આદેશને શહેરમાં આવકાર મળી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

### સાહેબ, મને હેલ્મેટ વગર પકડ્યો છે : ભલામણો શરૂ

ગાંધીનગર સચિવાલયમાં તથા પોલીસમાં નોકરી કરતા કર્મચારીઓ-અધિકારીઓના મોબાઈલ પર આજે આખો દિવસ ફોન પર ભલામણો ચાલુ રહી હતી કે મને આ સર્કલે હેલ્મેટ વગર પોલીસે પકડ્યા છો. પરંતુ પોઈન્ટ પર ગોઠવાયેલી પોલીસે ભલામણવાળી વ્યક્તી સાથે મોબાઈલ પર વાત કરીને સ્પષ્ટ જણાવી દીધુ હતુ કે એસ.પી. સાહેબની કડક સુચના છે એટલે આ દંડ તો ભરવો જ પડશે. તમે કહેતા હોવ તો મારી ચા પીવડાવીને મોકલુ..!

# ગાંધીનગર ડેપોએ ગત વર્ષે ૨૨ કરોડની આવક કરી

**ડેપોએ સીટી બસ, પોઇન્ટ બસ સેવા તેમજ સરખેજ રૂટની બસોના સંચાલનમાંથી તગડી આવક કરી પરંતુ આવકના પ્રમાણમાં ખર્ચ વિશેષ**

ગાંધીનગર તા ૧૧ ગાંધીનગર એસ ટી ડેપોએ ગતવર્ષે ૨૧ કરોડની આવક કરી છે. જેમાં શહેરી બસ સર્વિસ સંચાલનના અંતે ડેપોને આ આવક પ્રાપ્ત થઇ છે. ડેપોએ ગાંધીનગર અમદાવાદ રૂટમાં દોડાતી ૧૫૦ બસો સહીત પોઇન્ટની બસ સેવા તેમજ સરખેજ રૂટની બસોના સંચાલનના આધારે આ આવક મેળવી છે. જો કે એસ ટી ના નિયમિત સંચાલન માટે થતા ખર્ચ

● અનુસંધાન પાન-૭ પર

# વન તંત્રએ ઝુંપડાના ૨૫ અને લારી ગલ્લાના ૧૦ દબાણો દુર કર્યા

**દબાણ દુર કરવા ઉપરાંત વૃક્ષોની કટોતી અટકાવવા ઝુંબેશ યથાવત**

ગાંધીનગર તા ૧૧ વન વિભાગ દ્વારા વન આરક્ષિત વિસ્તારમાંથી દબાણો દુર કરવા માટે તેમજ ગેરકાયદેસર રીતે થતી વૃક્ષોની કટોતી દુર કરવા ૬ બીટ ગાર્ડની ટીમ કામે લગાડવામાં આવી છે. વન તંત્ર દ્વારા છેલ્લા ૧૫ દિવસમાં ૧૦ લારી ગલ્લા તેમજ ઝુંપડાના ૨૫ દબાણો દુર કરાયા છે.

ગાંધીનગરના સેકટરોમાં વૃક્ષોની કટોતીની પ્રવૃતિ વધી ગઇ છે. જયારે વૃક્ષો કાપવા ઉપરાંત લોપિંગ તેમજ વન આરક્ષિત જગ્યામાં દબાણોએ અડ્ડો જમાવ્યો હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. આવા સંજોગોમાં હરિયાળા વૃક્ષો પર કુહાડાના ઘા ઝીકાતા અટકાવવા માટે વન તંત્ર દ્વારા બીટ ગાર્ડની ટીમ બનાવી સેકટરોમાં પેટ્રોલીંગ શરૂ કરવામાં આવ્યુ હતુ. આ દરમિયાન બીટ ગાર્ડની ટીમ દ્વારા સેકટરોમાં વૃક્ષોની કટોતી કરતા તત્વો મુકીને જતા રહયા હોય તેવા ૫૦ જેટલા હથિયારો પણ જપ્ત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત તંત્ર દ્વારા હાલ પણ વન આ ઝુંબેશ ચાલુ છે. જયારે અત્યાર સુધીમાં વન વિભાગ દ્વારા સેકટરોમાંથી લારી ગલ્લાના ૧૦ અને ઝુંપડાના ૫૦ દબાણો દુર કરવામાં આવ્યા છે. જો કે આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ ચાલુ રહેશે જો કે વન તંત્ર દ્વારા અગાઉ દુર કરાયેલા દબાણો દિવસ જતા યથાવત સ્થિતિમાં ગોઠવાઇ ગયા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે વન આરક્ષિત જગ્યામાં હજુ ઝુંપડાઓના દબાણો યથાવત સ્થિતિમાં જોવા મળી રહયા છે. જો કે આગામી દિવસોમાં પણ વન તંત્ર દ્વારા દબાણ હટાવ ઝુંબેશ તેમજ હરિયાળીને નુકશાન પહોંચાડતા તત્વો સામે કાર્યવાહી કરવાનુ અભિયાન ચાલુ રહેશે તેમ પણ સુત્રોએ જણાવ્યુ છે.





COX & KINGS
વેજીટેરીયન અને જૈન ગ્રુપ ટુર્સ
અમેરીકા રૂ. ૧,૩૧,૯૯૯થી શરૂ
યુરોપ રૂ. ૭૯,૯૯૯થી શરૂ
(બધા જ ખર્ચ સહિત)

World of TUI
દુનિયાની સૌથી મોટી ટ્રાવેલ કંપની
યુરોપ ટુર રૂ. ૮૫,૯૯૦/-થી શરૂ

Radhe Shyam Travels Pvt. Ltd. Since 1940
● સિમલા-મનાલી/નૈનીતાલ-મસુરી
● કાશ્મીર-પહેલગામ/અમરનાથ યાત્રા
● નેપાળ/દાર્જીલિંગ/ભૂટાન
● દક્ષિણ ભારત ● કેરાલા ● અંદમાન
Singapore-Malaysia-Thailand-Dubai-Bali-Sri Laanka

૭મી મેથી દરરોજ ઉપડશે
બદ્રીનાથ-કેદારનાથ-ગંગોત્રી-યમુનોત્રી
ચારધામ યાત્રા
સંતોપંથ-સ્વર્ગારોહિણી યાત્રા-કૈલાસ-માનસરોવર
ગુજરાત ટુરીઝમ કોર્પોરેશન દ્વારા પ્રમાણિત

Asha World Tours
એફ-૧, સ્કાયવ્યુ કોમ્પલેક્ષ, ૧૭/૨૨ પાસે, સેક્ટર-૨૨, ગાંધીનગર

સંપર્ક : સાંજના ૫ થી ૮ - મો. ૯૯૭૯૨ ૫૫૨૨૨

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

ગાંધીનગર માટે
LED, LCD & Colour TV
રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬
મો. ૯૪૨૬૨ ૭૦૪૮૧

જગ્યા ભાડે આપવાની છે
સેક્ટર-૨૮, ૧૦૧/૧/૪, જીઆઈડીસી, જલારામ આઈસ ફેક્ટરી સામે, ગાંધીનગર
(૧) બેઝમેન્ટ માપ - ૧૬૫૦ ફૂટ
(૨) ગ્રાઉન્ડ ફ્લોર માપ - ૧૬૫૦ ફૂટ
(૩) પહેલો માળ માપ - ૧૬૫૦ ફૂટ
તથા આગળનો શો-રૂમ માપ : ફૂટ ૯૦૦
સંપર્ક ૯૮૨૪૨ ૩૭૦૦૮

જગ્યા ભાડે આપવાની છે
શ્રી સ્કવેર, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર - ગાંધીનગર રોડ
પંપની લાઈનમાં, પેથાપુર
ગ્રાઉન્ડ ફ્લોર - કોર્નર દુકાન
માપ : કારપેટ - ૫૫૦ ફૂટ
સંપર્ક : ૯૮૨૪૨ ૩૭૦૦૮


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com